અંદાજ બનાવતા સમયે તેમજ ટેન્ડર બનાવતા સમયે ખાસ ધ્યાને લેવાની બાબતો

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક:પીપીસી/૨૦૧૯૮/૮૬/એમઆઇસેલ

તારીખ: /૦૨/૨૦૧૯ 20 FEB 2019

**સંદર્ભ:** ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૫/૨૬૨/એમ.આઈ.સેલ(ક-૧), તા. ૧૯/૧૧/૨૦૧૫

**પ્રસ્તાવના:**

જળ સંપત્તિ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી કેનાલ સંલગ્ન કામગીરીઓમાં કેટલાક કિસ્સાઓમાં નીચે મુજબની બાબતો ધ્યાનમાં આવેલ છે.

(૧) અંદાજ બનાવતી વખતે તેમજ ડ્રાફ્ટ ટેન્ડર પેપર બનાવતી વખતે ખોદાણની આઈટમમાં માટી, સોફ્ટ રોક, હાર્ડ રોક એમ ત્રણ અલગ ભાગ પાડી જુદી જુદી લિફ્ટ માટે ગણતરી કરેલ હોવી જોઈએ તેમજ એ જ પ્રમાણે ભાવો મંગાવવાના તેમજ ચૂકવવાના થાય. તેની ટેન્ડરમાં સ્પષ્ટ જોગવાઈ હોવી જોઈએ. તેના બદલે જે કિસ્સાઓ માં માટી, સોફ્ટ રોક તેમજ હાર્ડ રોક નો એકત્રિત તેમજ એકંદર ભાવ મંગાવીને કામગીરી કરાવવામાં આવે છે, તેમાં વધારા-ઘટાડા તેમજ Withdrawal ના નિર્ણયોમાં અડચણ ઉભી થવા પામે છે.

(૨) સ્થળ સ્થિતિ મુજબ જ્યાં ખોદકામ મશીનરીથી કરવાનું થાય, તે ધ્યાને લઇને જ ભાવોની ગણતરી કરવાની હોય છે. જે કિસ્સામાં કેનાલ કટીંગમાં નીચે ઉતરે ત્યારે તેનો સેક્શન મશીનરી ઉતારવા માટે પર્યાપ્ત નથી તો તેવા સંજોગોમાં કેનાલનો સેક્શન યોગ્ય રીતે મશીનરીને ધ્યાને રાખી નિર્ધારીત કરવો પડે કે પછી કેનાલની બહાર વિશેષ લાંબી બૂમ વાળી મશીનરી ઉભી રાખી કામ કરે અને તે માટેના ભાવો અંદાજમાં લઇને ટેન્ડરમાં તેની સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવે તે તાંત્રીક દ્રષ્ટિએ તેમજ કોન્ટ્રાક્ટ એક્ટની દ્રષ્ટિએ અત્યંત જરૂરી છે. જેથી અંદાજ બનાવતી વખતે તાંત્રિક તેમજ કાનૂની પાસાઓને ધ્યાને લઇ અંદાજો બનાવી, ટેન્ડર બહાર પાડી, વર્ક ઓર્ડર આપવામાં આવે તો ચાલુ કામે ક્ષેત્રીય કચેરીઓને પડતી વિટંબણાઓ નિવારી શકાય તેમજ વિભાગ કક્ષાએ પણ ઘણી બધી વિષમતાઓ વચ્ચે સંતુલિત નિર્ણય લેવાનો પ્રશ્ન ન ઉપસ્થિત થાય ઉક્ત બાબતોને ધ્યાને લઇ.પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની સુચનાઓ આપતો પરિપત્ર કરવાનું ઠરાવવામાં આવે છે.

**પરિપત્ર:**

કેનાલ સંલગ્ન કામગીરીમાં અંદાજો, ભાવ પૃથ્થકરણ તેમજ ટેન્ડર તૈયાર કરવાની પ્રક્રિયામાં નીચે મુજબની બાબતો અંગે ચોક્સાઇ રાખવાની રહેશે.

(૧) જેટલી આઈટમો સ્પષ્ટપણે છૂટી પાડી શકાતી હોય તેટલી આઈટમો છૂટી પાડી અંદાજપત્ર તેમજ ટેન્ડરમાં તેનો સમાવેશ કરવાનો રહેશે, ખાસ કરીને ખોદકામ અને માટીકામમાં.

(૨) આઇટમ રેટ ટેન્ડરોમાં માટીકામમાં સામાન્ય જમીન, સોફ્ટ રોક અને હાર્ડ રોકના ત્રણ અલગ અલગ જથ્થા મુજબ ભાવો મંગાવવાના રહેશે.

(૩) સ્થળ સ્થિતિ મુજબ મેન્યુઅલી કે મશીનરીથી કામગીરી કરવાની થાય છે. તે નક્કી થઇ બાંધકામ વખતે નડતરરૂપ મર્યાદાઓ, તેમજ તેના નિવારણ માટેની કાર્યપધ્ધતિ અંગે વિશેષ જોગવાઈ, અને તે માટે થનાર વધારાનો ખર્ચ વિગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ અંદાજપત્રમાં, ભાવ પૃથક્કરણમાં, તેમજ ટેન્ડરમાં કરવાનો રહેશે જેથી કરીને ચાલુ કામગીરીએ ખાસ કિસ્સામાં કોઈ નિર્ણયો લેવાની આવશ્યકતા રહે નહી તેમજ ઈજારદાર પક્ષે કે સરકાર પક્ષે પણ વધારા-ઘટાડાના કિસ્સામાં નુકશાન ભોગવવાનું રહે નહી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એસ.બી. પ્રજાપતિ)
ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી( જ.સં)(સ્વતંત્ર હવાલો)અંગત મદદની શ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) સચિવશ્રી( જ.સ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી.( નર્મદા ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી( જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ .અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સર્વે મુ.ઈ .અને અ.સ.શ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક .વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) નાણાકીય સલાહકાર(જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૭) સર્વે ઉપસચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર

(૮) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ .અને ક .વિભાગ

(૯) સર્વે પ્રોજેક્ટ શાખા( ક-૧, ક-૨, ક-૩, જ), સચિવાલય, ગાંધીનગર

(૧૦) સીલેક્ટ ફાઈલ